

ગાંધીનગર સમાચાર

ખેલૈયાઓના રંગમાં ભંગ...

# પ્રથમ નોરતે જ વરસાદ વિઘ્ન

**આસોની રઢિયાળી રાતમાં અષાઢી મેઘના અંબર ગાજ્યા : ગરબાની રમઝટ જામી ત્યાં જ ગાજવીજ સાથે અડધો ઇંચ વરસાદ ખાબકતા ગરબા મેદાનમાં પાણી ભરાઇ ગયા : ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ ભીંજારાનો ભોગ બન્યા : સેકટરોમાં પણ શેરી ગરબાની ઉજવણીમાં વરસાદ અડચણરૂપ બન્યો : ગરબા મહોત્સવના આયોજકો ચિંતામાં મુકાયા : દિવસ દરમિયાન પાણી ઉલેચવા તેમજ કાદવ કિચ્ચડ દુર કરવા ટીમ કામે લાગી**





ગાંધીનગર તા ૨

નવલી નવરાતના પ્રથમ દિવસે જ વરસાદ ખાબકતા ખૈલેયાઓના રંગમાં ભંગ પડયો હતો. દિવસના વાદળિયા વાતાવરણના અંતે રાત્રિના ૧૦:૩૦ કલાકે અચાનક જ પવનની લહેરકી વચ્ચે ગાજવીજ સાથે વરસાદ ત્રાટકયો હતો. વીજ ચમકારા અને વાદળગર્જના સાથે વરસાદી ઝાપટુ વરસતા ગરબા મહોત્સવનુ આયોજન ખોરવાઈ ગયુ હતુ. ગરબા મેદાનમાં વરસાદી પાણી ફરિ વળતા ગરબા પ્રેમીઓમાં મોસમના મિજાજ સામે નારાજગી વ્યાપી હતી. જયારે ગરબા મહાત્સવના આયોજકો પણ મુંઝવણમાં મુકાયા હતા. સાઉન્ડ સિસ્ટમને સાચવવા ઉપરાંત મેદાનમાં પાણી ન ભરાય તે માટે ત્વરિત સ્વયં સેવકોની ટીમ કામે લાગી હતી. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓ પણ ભીંજારો અનુભવતા દોડધામમાં મુકાયા હતા. નવરાતના પ્રારંભે વરસાદ વિલન બન્યો હતો. આસોની રઢિયાળી રાતમાં અષાઢી મેઘના અંબર ગાજતા ગરબા મહોત્સવની ઉજવણીમાં વિક્ષેપ પડયો હતો.

નવરાતના પ્રારંભે જ સવારથી જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. વ્હેલી સવારથી જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. જયારે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે સવારે છાંટણા પણ થયા હતા. જો કે તડકી છાયડીના માહોલ બાદ આકાશ ચોખ્ખુ થતા વરસાદ અદ્રશ્ય થઈ ગયો હોવાનુ માની ખૈલૈયાઓએ હાંશકારો અનુભવ્યો હતો. રાત્રિના ૮-૩૦ વાગે માતાજીની આરતી બાદ સેકટરોમાં ગરબાનો પ્રારંભ કરી દેવાયો હતો. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ ગરબાની રમઝટ જામી હતી. આ દરમિયાન રાત્રિના ૧૦ કલાકે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા પવનના સુસવાટા સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. વીજળીના ચમકારા અને વાદળ ગર્જના સાથે આસોની રઢિયાળી રાતમાં પલવારમાં જ જાણે અષાઢી મેઘના અંબર ગાજયા હતા. વરસાદના ભારે ઝાપટાથી ગરબાની રમઝટ માણતા ખૈલેયાઓના રંગમાં ભંગ પડયો હતો.

ભવ્ય સુશોભનથી શણગારાયેલા ગરબાના મંડપમાં







## ખૈલેયાઓના રંગમાં ભંગ..

મેઘરાજાની સર્જિકલ સ્ટ્રાઇક...ખૈલેયાઓના રંગમાં ભંગ પડયો...ગરબામાં વરસાદ આવતા મેદાનમાં મેક અપની નદીઓ વહી..નોરતા તો નવ જ હોય...પણ આ વર્ષે દસ માતાજીને મંજુર ન હતા...નવદુર્ગાની ભકિતના નવરાત પર્વની ઉજવણીના પ્રથમ નોરતે જ વરસાદ વિલન બનતા ગરબા પ્રેમીઓના ઉત્સાહમાં ભંગ પડયો હતો. બીજીતરફ ગરબાના ટાંણે જ વરસાદ ખાબકતા સોશિયલ મિડીયા પર પણ મેઘરાજાની આ હરકત સામે ટપોટપ ચિત્ર વિચિત્ર મેસેજીસ પોસ્ટ થયા હતા. નવરાતમાં વરસાદી માહોલ સર્જાતા મોડીરાત સુધી મેસેજીસ વાઈરલ થયા હતા. નવરાતમાં ગરબા મહોત્સવની ઉજવણીમાં વરસાદ ખલેલરૂપ બનતા અવનવા મેસેજીસ અને કોમેન્ટનો દૌર શરૂ થયો હતો. વરસાદના લીધે ગરબા બંધ થતા ખૈલેયાએ વોટસ એપ પર ધુમ મચાવી હતી. ગરબા મહોત્સવ પર વરસાદી વાયરાની વિપરિત અસર પણ સેકટરોમાં ટોકેટીવ રહી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં પાંચ હજાર શૌચાલયોના ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૫મી સપ્ટેમ્બરથી તા. ૨ ઓકટોબર, ૨૦૧૬ દરમ્યાન સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ જિલ્લા કક્ષાની મેગા ઈવેન્ટનું આયોજન વન અને આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ગણપતભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ દરમ્યાન જિલ્લામાં થયેલ કામગીરીનું પ્રેઝેન્ટેશન જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈએ રજૂ કર્યુ હતું.

જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈએ પ્રેઝેન્ટેશનમાં જણાવ્યું હતું કે, આ સપ્તાહની ઉજવણી ગાંધીનગર જિલ્લાના ૩૦૨ ગામોમાં કરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય- શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં રાજયપાલશ્રી, મંત્રીશ્રીઓ , સનદી અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો જોડાયા હતા. આ કાર્યક્રમની સફળતામાં ૫,૨૨૭ શિક્ષકોની ભાગીદારી અને ૮૯,૭૮૯ બાળકોએ સ્વચ્છતા અંગેની જાગૃતિ રેલીમાં ભાગ લીધો હતો. ૨,૨૯,૦૦૦ વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં સ્વચ્છતા સંદેશનું વાંચન કરાવવામાં આવ્યું હતું. તેમજ ૭૩૩૦ વિદ્યાર્થીઓએ વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૧,૧૯,૦૦૦ બાળકો-વાલીઓને સ્વચ્છતા અંગેના શપથ- સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. સ્વચ્છતા અંગેની જાગૃતિ માટે ૧૧૯ શેરી નાટકો યોજવામાં આવ્યા હતા. ૪૩૯ વર્ગ-૪ના સફાઈ કામદારોનું સન્માન કરવામાં આવ્યું છે. ૫ હજારથી વધુ વ્યક્તિગત શૌચાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમાં ૧૨ સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી નોંધાઈ છે. તે ઉપરાંત ૩૦૨ ગામોમાં નિગરાની સમિતિએ સ્વચ્છતા રેલી-પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. જેમાં વર્ગ- ૧ના ૨૭ અધિકારીઓએ લાયઝન તરીકે જવાબદારી સંભાળી હતી. તેમજ ૧૨૦ એન્જિનયરીંગના વિદ્યાર્થીઓએ શ્રમદાન આપ્યું હતું.

# ગાંધીનગર ખાતે સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૫મી સપ્ટેમ્બર થી તા. ૨ ઓકટોબર ૨૦૧૬ દરમ્યાન સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ જિલ્લા કક્ષાની મેગા ઈવેન્ટનું આયોજન વન અને આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ગણપતભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. મંત્રી અને મહાનુભાવોના હસ્તે જિલ્લાની ૩૫ શાળાઓને અને ત્રણ સફાઈ કામદાર કર્મચારીઓને એવોર્ડ અને સન્માન પત્ર આપવામાં આવ્યા હતા.

દેશના હિતની અને સમાજ હિતની વાત હોય ત્યારે રાજકીય વાડાઓ બાજુમાં મૂકીને કામ કરવું જોઈએ. તેમજ આ સપ્તાહ દરમ્યાન રાજયમાં ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમણે ૯ હજાર જેટલા શૌચાલય બનાવવાના છે. તે ઉપરાંત પરદેશમાં આપણે જઈએ છીએ ત્યારે જેમ તેની સ્વચ્છતા અને નિયમોનું પાલન સ્વંભૂ કરીએ છીએ તેમ આપણા દેશમાં પણ સ્વચ્છતા રાખવાનો અનુરોધ કર્યો હતો. પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોષી, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે પણ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સ્વચ્છતા ભાર મુકયો હતો.

ટાઉનહોલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સ્વચ્છતામાં અગ્રેસર એવી જિલ્લાની ૩૫ શાળાઓના આચાર્યનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતામાં પ્રથમ નંબરની નારદીપુર ગામની કુમાર પ્રાથમિક શાળા, તારાપુર ગામની પ્રાથમિક શાળા અને બોરૂ ગામની વિધાધામ શાળાને અનુક્રમે રૂ. ૧૦, ૭ અને ૫ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું. તેમજ શહેરી કક્ષાએ પ્રથમ આવનાર કલોલ શહેરની પ્રાથમિક શાળા નંબર- ૯ને રૂ. ૧૦ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું. તેમજ એસ.એસ.સી બોર્ડની કચેરીના નટવરભાઈ, બી.આર.સી ભવન, માણસાના ચંદુભાઈ અને કલેકટર કચેરી, ગાંધીનગરના મેહુલભાઈ સફાઈ કામદારનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.





આરંભે મહાનુભાવોનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એમ.એન. રાઠોડે સ્વાગત કર્યુંહતું. કાર્યક્રમના અંતે આભારવિધી જિલ્લા શિક્ષણાધિકારી એમ.એસ. બારડે કરી હતી. ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જિલ્લા કલેકટર સતીશભાઈ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગણ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# નિવાસી અધિક કલેકટર વી.જી. કાલરિયાનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩), ગાંધીનગર દ્વારા વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં નિવાસી અધિક કલેકટરશ્રી વી.જી. કાલરિયાનો વિદાય સમારંભ જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. તેમજ ગાંધીનગર જિલ્લામાં મામલતદાર માંથી નાયબ કલેકટરમાં બઢતી મેળવી આવેલા અધિકારીઓનો આવકાર સમારંભ પણ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વય મર્યાદાથી નિવૃત્ત થતાં નિવાસી અધિક કલેકટર શ્રી વી.જી. કાલરિયાને જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી. દેસાઈના હસ્તે પુષ્પ ગુચ્છ આપવામાં આવ્યું હતું. તેમજ ગાંધીનગર જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ (વર્ગ-૩)ના પ્રમુખ શ્રી વિરમભાઈ દેસાઈ અને મંડળના સભ્યો દ્વારા સ્મૃતિ ચિહન તથા નાળિયેર, સાકર અને શાલ ઓઢાડીને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી નરેશભાઈ એલ. ચૌધરી તથા પરિમલ પટેલે સારા સ્વાસ્થ્યની શુભકામનાઓ પાઠવી સ્મૃતિ ચિહન આપ્યું હતું.



ગાંધીનગર જિલ્લાના ગિયોડ ખાતે શ્રી અર્બુદા પરિવાર ટ્રસ્ટ, છાલા ગાંધીનગર વિભાગ દ્વારા યોજાયેલ તેજસ્વી તારલાઓનું આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ સન્માન કાર્યક્રમ બાદ જણાવ્યું હતું કે, આજની જ્ઞાનની સદીમાં તેજસ્વી તારલાઓના સન્માન દ્વારા તેમને પ્રોત્સાહિત માટે ૫૧ હજારના દાનની જાહેરાત કરી હતી. જ્ઞાનની ઉપાસના દ્વારા સમાજનો સર્વાંગી વિકાસ થાય છે. પછાત સમાજોમાં શિક્ષણ અને વિકાસની ભૂખ ઉઘડી છે. જે વિદ્યાર્થીઓ આગળ વધવાના સ્વપ્ના જુએ છે. તેઓ ચોક્કસ સફળ થાય છે. જ્ઞાન અને માહિતી આધારિત વર્તમાન સમયમાં સ્ત્રોત આધારિત શિક્ષણ મેળવવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી.

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com